ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ:-2735/12/2024** **તા.01.12.2024**

## સુરત પરવત પાટીયા ખાતે મહેશ્વરી સમાજ દ્વારા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલજીનો સન્માન કાર્યક્રમ અને જળ સંચય જન ભાગીદારી કાર્યક્રમ યોજાયો.

## આપણી આવનાર પેઢી માટે જળસંચય થકી પાણીનો મોટો સંગ્રહ કરવો ખૂબ જરૂરી છે. – શ્રી સી.આર.પાટીલ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજ રોજ સુરત પરવત પાટીયા ખાતે મહેશ્વરી સમાજ દ્વારા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલજીનો સન્માન કાર્યક્રમ અને જળ સંચય જન ભાગીદારી કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમા શ્રી સી.આર.પાટીલજીએ સૌને રેઇન વોટર હાર્વેસ્ટીગ અને જળ સંચય ના કાર્યને સફળ બનાવવા માટે સંકલ્પ કરાવ્યો.

આ કાર્યક્રમમાં શ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વર્ષ **2021**મા કેચ ધ રેઇન , વરસાદના પાણીને જમીનમાં ઉતારવા યોજના બનાવી હતી. વરસાદી પાણીના સંગ્રહ કરવાથી કેવી રીતે આપણને લાભ મળશે તેની વિસ્તૃત જાણકારી આપી હતી. કેચ ધ રેઇન કાર્યક્રમ અંતર્ગત સુરતમા વિશાળ કાર્યક્રમ યોજાયો હતો જેમા રાજસ્થાન,મધ્યપ્રદેશ, અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રીઓ અને બિહારના નાયબમુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા હતા અને આ કાર્યક્રમમા કયા ગામમા કેટલા બોર કોણ કરશે તેની વિગત મુખ્યમંત્રીશ્રીઓને આપવામાં આવી હતી જેમા સૌથી મોટી બુક રાજસ્થાનના લોકોએ રાજસ્થાનના મુખ્યમંત્રીશ્રીને આપી હતી. રાજસ્થાનના લોકો બહાર મોટી-મોટી ઇન્ડસ્ટ્રી,પ્રોડકશન કંપનીનુ કામ કરી તેમનુ પાણી બતાવે છે પરંતુ તેઓ પાણી બનાવી નથી શકતા. આજે દેશમા કોઇ પણ ગામ એવુ નહી હોય જ્યા રાજસ્થાનનો કોઇ રહેવાસી કામ ન કરતો હોય. બહારના ગામમા જઇને ધંધાકીય

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

75 આઝાદી કા અમૃત મહોત્સવ

કાર્યોમા સફળ થવાની માસ્ટરી રાજસ્થાનના લોકોમા હોય છે. રાજસ્થાનમા વરસાદી પાણીના બોર બનાવવા સુરતમા રહેતા રાજસ્થાનના લોકો આગળ આવ્યા છે તે બદલ અભિનંદન.

શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જળ સંચય એ જન ભાગીદારી સાથે જળ આંદોલન બને તે માટે આગ્રહ કર્યો છે. રેઇન વોટર હાર્વેસ્ટીગ માટે કેટલો ખર્ચ થાય અને તેની 10 જેટલી ડિઝાઇન અંગે માહિતી આપી હતી. આપણે લોકો ધન સંચય કરીએ છીએ અને આવનાર પેઢી માટે મોટા -મોટા મકાન,જમીન રાખીએ છીએ પરંતુ પાણી જો નહી આપીએ તો તેઓ આપણને માફ નહી કરે. આવનાર પેઢી માટે જળસંચય થકી પાણીનો મોટો સંગ્રહ કરવાનો છે. રિવર લીંકીગ પ્રોજેકટ અંતર્ગત આવનાર દિવસમાં રાજસ્થાન ખાતે 17 તારીખ અંદાજે 3 લાખ લોકોની ઉપસ્થિતિમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનની 11 નદીઓને જોડવાના કાર્યક્રમની જાહેરાત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ કરવાના છે.

આ કાર્યક્રમમાં નવસારી જીલ્લાના પ્રમુખશ્રી ભુરાભાઇ શાહ, સ્ટેન્ડિંગ કમીટીના પુર્વ ચેરમેનશ્રી પરેશભાઇ પટેલ, કોર્પોરેટરશ્રીઓ શ્રી દિનેશભાઇ રાજપુરોહીત, શ્રી રશ્મિબેન ,મહેશ્વરી સમાજ ભવનના પ્રમુખશ્રી શ્યામ રાઠીજી સહિત જીલ્લાના હોદ્દેદારશ્રીઓ અને મહેશ્વરી સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)